


હોળી-ધુળેટીનો મોટો તહેવાર હવે બારણે ટકોરા મારી રહ્યો છે. બજારોમાં હોળી-ધુળેટીની રંગત જામી છે. ઘાણી-ખજૂર, ચણા, સીંગ, હારડાથી લઈને જાતભાતના રંગો અને વિવિધ આકારની પિચકારીઓ બજારોમાં વેચાઈ રહી છે. ઠેર ઠેર દુકાનોમાં અને લારીઓ પર હોળી-ધુળેટીની ઉજવણી માટેની સામગ્રી મળી રહી છે. ધીમે ધીમે ઘરાકી ખૂલતા બજારોમાં ભીડ જામી રહી છે.

# મનપાની સ્થાયી સમિતિએ બે કામ મંજૂર કર્યા તો બે કામ મુલત્વી રાખ્યા

## ક્રિકેટની ટીમ માટે કીટ ખરીદવાની દરખાસ્તને મંજૂરી અપાઈ

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર મહાનગર પાલિકાની આજે મળેલ સ્થાયી સમિતિએ બે દરખાસ્તો મુલ્તવી રાખવાનો તેમજ બે દરખાસ્તોને બહાલી આપવાનો નિર્ણય કરેલ છે.

આજે સ્થાયી સમિતિના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડાના અધ્યક્ષપદે મળેલ બેઠકમાં સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત મળેલ રૂ. ૩ કરોડની આઉટગ્રોથ વિસ્તારમાં ડેવલપમેન્ટ માટેના કામને બહાલી આપી છે. આ ઉપરાંત આજની બેઠકમાં સે. ૨૨ ખાતે આવેલ વિદ્યાભારતી સ્કૂલ ખાતે રૂમોમાં વીટ્રીફ્રાઈડ ટાઈલ્સ અને સીડીમાં ગ્રેનાઈટ લગાવવાના કામને પણ મંજૂરી આપી બહાલ રાખવામાં આવેલ છે.

જ્યારે શહેરમાં પીક-અપ સ્ટેન્ડ બનાવવાની દરખાસ્ત અને રિચાર્જ વેલ બનાવવા માટેની એજન્સી અંગેના બન્ને ટેન્ડર ઊંચા ભરાઈને આવતાં આગામી બેઠક સુધી મુલ્તવી રાખવાનો નિર્ણય લેવામાં આવેલ છે. આજની બેઠકમાં ક્રિકેટ કીટ ખરીદીના ટેન્ડરને પણ બહાલી આપવામાં આવી હોવાનુ જાણવા મળેલ છે.

# રાહુલ ગાંધી ૧૨મીએ દાંડીયાત્રામાં જોડાશે

## ગાંધી આશ્રમમાં પ્રાર્થના સભા પૂર્ણ કરીને યાત્રાનું પ્રસ્થાન થશે : સોનિયા, પ્રિયંકા સહિતના નેતા જોડાય તેવી શક્યતા

ગાંધીનગર,તા.૭

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી આગામી ૧૨ માર્ચે ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે અને તેઓ કોંગ્રેસની દાંડીયાત્રામાં સામેલ થશે. અંગ્રેજ હકુમત સામે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીએ તા.૧૨ માર્ચે ૧૯૩૦ના દિવસે સાબરમતી આશ્રમથી શરૂ કરેલી દાંડીયાત્રા સ્વતંત્રતાની ચળવળમાં મહત્વની પૂરવાર થઈ હતી ત્યારે ગુજરાત કોંગ્રેસે પણ તા.૧૨ માર્ચે સાબરમતી સ્થિત ગાંધી આશ્રમથી ઐતિહાસિક દાંડી યાત્રા શરૂ કરવાનું આયોજન હાથ ધર્યું છે. સાબરમતી આશ્રમ ખાતે પ્રાર્થના સભા પૂર્ણ કરીને યાત્રાનું પ્રસ્થાન થશે. જેમાં પ્રથમ દિવસ ઉપસ્થિત રહેનારા રાહુલ ગાંધી પ્રથમ દિવસે નવ કિલોમીટરની પદયાત્રા કરશે. કોંગ્રેસના ઈતિહાસમાં આ સૌથી મોટી દાંડીયાત્રા યોજવાનું આયોજન ચાલી રહ્યું છે, જેમાં ખુદ કોંગ્રેસના સર્વેસર્વા સોનિયા ગાંધી અને પ્રિયંકા ગાંધી પણ જોડાય તેવી શકયતાઓ પ્રબળ છે. તો, માત્ર ગુજરાત જ નહી પરંતુ દેશભરમાંથી કોંગ્રેસના મોટા નેતાઓ અને રાષ્ટ્રીય દિગ્ગજો હાજરી આપશે અને દાંડીયાત્રાને સફળ બનાવવા એડીચોટીનું જોર લગાવશે. આગામી તા.૧૨મી માર્ચના રોજ કોંગ્રેસના પૂર્વ પ્રમુખ રાહુલ ગાંધી ગુજરાત આવીને દાંડીયાત્રામાં સામેલ થઈ તાજેતરમાં દેશમાં બનેલી હિંસાની ઘટનાઓ સામે કોંગ્રેસ ગાંધીજીનો અહિંસાનો સંદેશ આપશે. તો રાહુલ ગાંધી સાથે આ દાંડીયાત્રામાં પ્રિયંકા ગાંધી પણ જોડાઈ શકે છે. આ દાંડીયાત્રા કોંગ્રેસના ઈતિહાસમાં સૌથી મોટી દાંડીયાત્રા હોય તે પ્રકારનું આયોજન કરવામાં આવી રહ્યુ છે, જેને લઈ ગુજરાત કોંગ્રેસ દ્વારા તડામાર તૈયારીઓ ચાલી રહી છે. ઉલ્લેખનીય છે કે, દિલ્હી ખાતે મળેલી કોંગ્રેસના નેતાઓની બેઠકમાં આ નિર્ણય લેવાયો હતો. તા.૧૨ માર્ચથી અમદાવાદના સાબરમતી આશ્રમથી દાંડી સુધીની કૂચ કરવામાં આવશે. જે રૂટ પર ગાંધીજીએ યાત્રા કાઢી હતી તે જ રૂટ પર આ યાત્રા નીકળશે. કોંગ્રેસ કોઈ પણ સંજોગોમાં ભાજપની દુખતી રગો પર પ્રહાર કરશે.

# કોરોના વાયરસ અંગે જિલ્લા આરોગ્ય તંત્રની બેઠક યોજાઈ

## જિલ્લામાં કોરોના વાયરસ પ્રતિકાર માટે આરોગ્ય તંત્રને સજ્જ કરવા કલેકટરશ્રીનો આદેશ : ગાંધીનગર જિલ્લામાં કુલ- ૩૬ અલાયદા વાર્ડની વ્યવસ્થા કરવામાં આવી




ગાંધીનગર

હાલમાં કોરોના વાયરસને લઈ લોકોમાં ભયનો માહોલ જેવા મળી રહ્યો છે. વાયરસ એક અસરગ્રસ્ત વ્યક્તિમાંથી બીજા વ્યક્તિમાં ફેલાતો હોય છે. તેની અટકાયત અને નિયંત્રણ માટે જરૂરી જન જાગૃતિ કેળવવી આવશ્યક છે. આ રોગનો ફેલાવો જિલ્લામાં ન થાય અને લોકોમાં આ રોગને લઈ જનજાગૃતિ કેળવાય તે માટેનું સુચારું આયોજન કરવા માટે આજરોજ જિલ્લા કલેકટર શ્રી ડૉ. કુલદીપ આર્યના અધ્યક્ષ સ્થાને જિલ્લાના આરોગ્ય તંત્રની બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં જિલ્લા કલેકટર શ્રી કુલદીપ આર્યએ જણાવ્યું હતું કે, જિલ્લાના નાગરિકોમાં કોરોના વાયરસને લઈ ભય ન ફેલાય તે રીતે સરળતાથી તેઓ રોગ વિશે જાણી શકે તેવી રીતે લોક જાગૃતિના કાર્યક્રમો યોજવા. તેમજ કોઈ જાહેર સમારંભ કે અન્ય પ્રસંગે મોટી સંખ્યામાં લોકો એકત્રિત ન થાય તે માટેની ખાસ તકેદારી રાખવા માટે પણ તેમણે જણાવ્યું હતું. બેઠકમાં જિલ્લા કલેકટરશ્રીએ જિલ્લાની પ્રર્વતમાન પરિસ્થિતિની માહિતી મેળવી હતી. ગાંધીનગર જિલ્લાની તમામ સરકારી હોસ્પિટલ અને પ્રાઈવેટ હોસ્પિટલ ને અલાયદું વોર્ડ રાખવાંની તૈયારી રાખવાની સૂચના આપી હતી. આરોગ્ય કર્મીઓને આ રોગથી પોતાનો બચાવ કરી શકે અને કેવી રીતે સારંવાર કરવાની છે, તે અંગેની યોગ્ય તાલીમ આપવા માટે પણ ભારપુર્વક જણાવ્યું હતું.

આ બેઠકમાં જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી ડૉ. મનુભાઈ સોલંકીએ જણાવ્યું હતું કે, ગાંધીનગર જિલ્લામાં કુલ- ૩૬ અલાયદા વાર્ડની વ્યવસ્થા કરવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર

# સરકારી આવાસોના મામલે તંત્રના ચોપડે ૩૫૦૦ની પ્રતિક્ષા યાદી

## જુના આવાસોનો કડુસલો અને નવા આવાસો બાંધેલા તૈયાર ફાળવવામાં આવતા નથી

ગાંધીનગર તા ૭

શહેરમાં રહેણાંકને લાયક આવાસોની ઓછી છે. દાયકાઓ જુના આવાસો પૈકી મોટાભાગના રહેણાંકને લાયક રહ્યા નથી. જયારે આવાસો તોડવાની કામગીરી પણ તબક્કાવાર હાથ ધરવામાં આવી રહી છે. બીજીતરફ નવી ટાવર કોલોની પણ બાંધવામાં આવી રહી છે. જયારે સે-૩૦ માં છેલ્લા ચાર મહીનાથી તૈયાર આવાસોનુ લોકાર્પણ હજુ સુધી કરવામાં આવ્યુ નથી ત્યારે તંત્રના ચોપડે આવાસ ઈચ્છુક કર્મચારીઓની પ્રતિક્ષા યાદી મોટી થતી જાય છે. હાલની સ્થિતિએ અંદાજિત ૩૫૦૦ કર્મચારીઓ આવાસ માટે પ્રતિક્ષા યાદીમાં છે.

શહેરમાં સરકારી આવાસો તોડવાનુ કામ તબક્કાવાર હાથ ધરવામાં આવી રહ્યુ છે. નગરના સેકટરોમાં સ્થિત દાયકાઓ જુના સરકારી આવાસો પૈકી મોટાભાગના રહેણાંકને લાયક રહ્યા નથી. જયારે જુના અને જર્જરિત મકાનો તોડવા માટે તબક્કવાર મંજુરીના અંતે કામગીરી હાથ ધરવામાં આવે છે. શહેરમાં રહેણાંકને લાયક મકાનો પુરતા નથી જયારે સરકારી કર્મચારીઓમાં આવાસોની ડીમાન્ડ હોટ છે. અલબત્ત રહેણાંકને લાયક આવાસો પૈકી કેટલાક રીનોવેશન હેઠળ છે. જયારે બીજીતરફ નવા આવાસો તૈયાર કરવાનુ કામ પણ ચાલી રહ્યુ છે. શહેરમાં સે-૭ , સે-૨૯ માં નવા આવાસોનુ નિર્માણ કરાયુ છે. જયારે હાલ આ આવાસોમાં કર્મચારીઓના પરિવારજનોનો વસવાટ પણ છે. પરંતુ સે-૩૦ માં નવનિર્મિત આવાસોનુ કામ પુર્ણ થયા બાદ પણ હજુ સુધી નવા મકાનોનુ લોકાર્પણ કરાયુ નથી. છેલ્લા ચાર મહીનાથી આ આવાસો લોકાર્પણના અભાવે બિનઉપયાગી હાલતમાં જોવા મળી રહ્યા છે. આવાસોના ઉદઘાટનનો કાર્યક્રમ આખરી ન થતા હજુ સુધી આ આવાસોમાં વસવાટ જોવા મળતો નથી. બીજીતરફ માર્ગ મકાન વિભાગના ચોપડે આવાસ ઈચ્છુક કર્મચારીઓની યાદી મોટી થતી જાય છે.નવા કર્મચારીઓના નામો પણ આવાસો માટેની પ્રતિક્ષા યાદીમાં સામેલ થતા હાલ આવાસો માટેની પ્રતિક્ષા યાદી ૩૫૦૦ સુધી પહોંચી ગઈ છે.

શહેરમાં સ્થિત વિવિધ કક્ષાના આવાસો માટે પ્રતિક્ષા યાદી મુજબ આવાસોની તબક્કાવાર ફાળવણી કરવામાં આવે છે. ત્યારે સે-૬ માં એકબાજુ નવા આવાસો બાંધવાનુ કામ ચાલી રહ્યુ છે. જયારે બીજીતરફ સે-૩૦ માં તૈયાર આવાસો ફાળવવામાં બિનજરૂરી વિલંબ થઈ રહ્યો છે. આ સ્થિતિ વચ્ચે કર્મચારીઓએ હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. ત્યારે સે-૩૦ માં વહેલી તકે નવા આવાસોની ફાળવણી કરવામાં આવે તેવી પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે.




આર્થિક ક્ષેત્રે ચિંતાનુ વાતાવરણ છે. પૈસાનું ક્યાં રોકાણ કરવુ અને ક્યાં પૈસાની સલામતી છે તે ભલભલા આર્થિક નિષ્ણાતોને સમજાતુ નથી. દેશની ભરોશાપાત્ર બેંકો એક પછી એક કાચી પડી રહી છે. નાગરિકોના પરસેવાની કમાણી તેમાં ફસાઈ રહી છે. દેશની જાણીતી યશ બેંક નબળી પડતા તેના રોકાણકારો ચિંતામાં મુકાઈ ગયા છે. યશ બેંકની ગાંધીનગર બ્રાન્ચ ખાતે તેના ગ્રાહકોએ લાંબી લાઈન લગાવી દીધી છે. બેંક સંપૂર્ણપણે ડુબી જાય તે પહેલા પોતાના પૈસા તેમાંથી કાઢી લેવા ગ્રાહકો હાંફળાફાંફળા બન્યાં છે.

# સે. ૨૯માં હોળી દહન સાથે ખ્યાતનામ ગાયક કલાકારો ગરબાની રમઝટ જમાવશે

ગાંધીનગર,

ફાગણ માસની પુનમનાં દિવસે મનાવવામાં આવતી હોળી પ્રગટાવી અને આસુરી તત્વોનો નાશ કરવો અને દૈવી શક્તિઓનું સન્માન કરવામાં આવે છે. હિંદુ ધર્મમાં આને લગતી હોલિકા અને પ્રહલાદની કથા બહુ જાણીતી છે. ત્યારે ગાંધીનગર શહેરના સેક્ટર ૨૯માં આવેલા અંબાજી માતાના મંદિર પાસે વર્ષોથી હોળીકા દહન કરવામાં આવે છે ત્યારે આગામી ૯મી માર્ચ સોમવારના રોજ સાંજે ૬:૦૦ હોળી પ્રગટાવવામાં આવશે. તેની સાથે રાજયના ખ્યાતનામ કલાકારો રાસ ગરબાની રમઝટ બોલાવશે.

ગાંધીનગર જિલ્લામાં અનેક જગ્યાએ હોળી દહન કાર્યક્રમ યોજાય છે. ત્યારે શહેરના સેક્ટર ૨૯ માં આવેલા અંબાજી માતાના મંદિર પાસે અંબિકા ગ્રુપ દ્વારા વર્ષોથી હોળી દહન કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. મોટી સંખ્યામાં સેક્ટર ઉપરાંત આજુબાજુના લોકો દર્શનનો લ્હાવો લે છે. ત્યારે દર્શનાર્થે આવનાર ભક્તોને પ્રસાદ આપવામાં આવે છે. આગામી ૯ માર્ચના રોજ સમગ્ર રાજયમાં હોળી દહનનો કાર્યક્રમ યોજાશે. ત્યારે સેક્ટર ૨૯મા હોળી દહન કાર્યક્રમ ઉલ્લાસપૂર્વક માહોલમાં મનાવવામાં આવશે. પરંતુ ચાલુ વર્ષે અંબિકા ગ્રુપ દ્વારા રાસ ગરબાનું પણ આયોજન કર્યું છે.

શુભ મુહૂર્તમાં સાંજે હોળી પ્રગટાવ્યા બાદ ગુજરાતી ફિલ્મની અભિનેત્રી મમતા સોની, ગાયક કલાકાર કાજલ રબારી અને રાજુ ઠાકોર અંબાજી માતાના મંદિર ચોકમાં ગરબાની રમઝટ બોલાવશે. ત્યારે સમગ્ર જિલ્લાની જનતાને હોળી દહન દર્શનનો લાહ્વો લેવા આમંત્રણ આપવામાં આવ્યુ છે.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું
અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

# ધોરણ-૧૦માં વિજ્ઞાનનુ પ્રશ્નપત્ર લેન્ધી અને અઘરું : વિદ્યાર્થીઓ મુંઝાયા

## વિજ્ઞાન માં ૫૮૦ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા

ગાંધીનગર તા ૭

ધો -૧૦ માં પ્રથમ દિવસે ગુજરાતીની સરળ પરીક્ષાના અંતે આજે વિજ્ઞાન વિષયની કસોટી વિદ્યાર્થીઓએ આપી હતી. જિલ્લામાંથી ૫૮૦ વિદ્યાર્થીઓ પરીક્ષામાં ગેરહાજર રહ્યા હતા. વિજ્ઞાનનુ પેપર વિદ્યાર્થીઓ માટે પુરવાર થયુ હતુ. વિજ્ઞાનનુ પેપર પાઠયપુસ્તક આધારિત હતુ જયારે કેટલાક પ્રશ્નો વિદ્યાર્થીની વિષય સંબંધિત સમજણ આધારિત હોવાનુ પણ ધ્યાને આવ્યુ હતુ. વિદ્યાર્થીઓને આકૃતિવાળા પ્રશ્નના લીધે પેપર લેન્ધી લાગ્યુ હતુ. વિજ્ઞાન વિષયની કસોટી વિદ્યાર્થીઓ માટે અઘરી પુરવાર થઈ હતી.

ધો`-૧૦ માં પ્રથમ દિવસે ગુજરાતી વિષયની પરીક્ષા બાદ ગઈકાલે એક દિવસની રજાના અંતે આજે વિજ્ઞાન વિષયની મહત્વની પરીક્ષા વિદ્યાર્થીઓએ આપી હતી. ગુજરાતીની પ્રથમ સરળ પરીક્ષાના અંતે આજે વિજ્ઞાનની કસોટી વિદ્યાર્થીઓ મટો સરળ પુરવાર થઈ ન હતી. આ અંગે કીશોર ઈન્સ્ટીટ્યુટના વિષય નિષ્ણાંત કીશોરસિંહ રાજપુતે માહીતી આપતા જણાંવ્યુ હતુ કે ભૌતિક વિજ્ઞાન , જીવવિજ્ઞાન અને બાયોલોજીમાં કુલ ૮ પ્રશ્નો આકૃતિવાળા પુછાયા હતા. જયારે દાખલા અને કેટલાક પ્રશ્નો પણ ટવિસ્ટ કરીને પુછાયા હતા. વિભાગ સી માં પણ ત્રણ ગુણના પ્રશ્નોએ પણ વિદ્યાર્થીઓને મુંઝવ્યા હતા. વિજ્ઞાન વિષયનુ પેપર વિદ્યાર્થીઓ માટે

● અનુસંધાન પાન-૭ પર

### ધોરણ-૧૨ રસાયણ વિજ્ઞાનનું પેપર એકંદરે સરળ

ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં આજે રસાયણ વિજ્ઞાનનું પેપર હતુ. આ પ્રશ્નપત્રમાં વિભાગ-અ માં ૫૦ ગુણના એમસીક્યુ સંપૂર્ણપણે પાઠ્યપુસ્તક આધારીત પુછાયા હતા અને તેમાંથી ત્રણથી ચાર પ્રશ્નો ટુંકી અને સરળ ગણતરીવાળા રહ્યા હતા. કિશોર ઈન્સ્ટીટ્યુટના વિષય શિક્ષક એચ.આર. પંડ્યાના જણાવ્યા મુજબ વિભાગ-બી માં ૨ ગુણના આઠ પ્રશ્નો જેમાંથી કોઈ દાખલો ન હતો જ્યારે ત્રણ ગુણના પ્રશ્નમાં પણ દાખલો ન હતો. નીટ અને એઈઈઈની તૈયારી કરતા વિદ્યાર્થીઓ માટે એમ.સી.ક્યુ. વાળો વિભાગ સરળ રહ્યો હતો.

# સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં કડવા લીમડા પરથી સફેદ દૂધ જેવો રસ ઝરતા આશ્ચર્ય

ગાંધીનગર તા. ૦૭

ગાંધીનગરના સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં જે બગીચા વિકસાવાયા છે તેમાં વર્ષો જુના ઘણા ઘેઘુર વૃક્ષો પણ જોવા મળે છે. આ વૃક્ષો પૈકી એક કડવા લીમડામાં આશ્ચર્યજનક રીતે છેલ્લા પંદર દિવસથી એક ડાળમાંથી સફેદ દૂધ જેવું પ્રવાહી સતત વહી રહ્યું છે જેના કારણે આશ્ચર્ય ફેલાવા પ?મ્યુ છે. આ



લીમડાની માત્ર એક જ ડાળમાંથી આ સફેદ પ્રવાહી વહી રહ્યું છે તેનો સ્વાદ કડવો નહીં પરંતુ મીઠો છે જેના કારણે કડવા લીમડામાં એક ડાળ મીઠી હોવાનો સંયોગ રચાયો છે.

કડવા લીમડા પરથી ઝરતા દૂધ જેવા સફેદ રસની ઘટના સંદર્ભે ખબર ફેલાતા મુલાકાતીઓ અનેક તર્ક વિતર્ક કરી રહ્યા છે અને તેને ચમત્કાર તથા શુભ અશુભ સંકેત સાથે જોડવા પ્રયત્ન કરી રહ્યા છે. સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં છેલ્લા આઠ વર્ષથી ચાની લારી ચલાવતા વડીલ હિંમત કાકાએ જણાવ્યું હતું કે છેલ્લા પંદરેક દિવસથી આ પ્રકારના પ્રવાહી સતત દિવસ રાત ઝરી રહ્યું છે જેના કારણે નીચે દૂધ જેવું ખાબોચિયું પણ ભરાયું છે. આ પ્રકારની ઘટના મે મારા જીવનમાં પહેલીવાર જોઈ છે. આવું કયા કારણથી બની રહ્યું છે તે તો વનસ્પતિ અને વૃક્ષોના વિજ્ઞાન અંગે જાણકાર વ્યક્તિ જ જણાવી શક છે.

આ ઘટના સંદર્ભે ગાંધીનગરના પૂર્વ વન અધિકારી તથા વનસ્પતિ શાસ્ત્રના જાણકાર હેમંત સુથારે જણાવ્યું હતું કે માનવીના શરીરની નસોની જેમ વૃક્ષોને પણ અંદર પાણીને વૃક્ષનાં પાંદડા સુધી લઈ જતી નળીઓ આવેલી હોય છે જેમાંથી કોઈ મુખ્ય નળી ફાટી ગઈ હોય ત્યારે શક્ય છે કે આ પ્રકારનું પાણી બહારની તરફ ઝરે છે જે એક સામાન્ય ઘટના છે તેમાં કોઈ ચમત્કાર છુપાયેલો નથી.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com